©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] SATURDAY, 18th JULY, 2026/ASHADHA 27, 1948 [No. 5586

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચન

ક્રમાંક : બૌડા/મુ.ન.ર.યો.નં. ૧૧ (કાસદ-ઉમરાજ)/ઈરાદો/પ્રસિધ્ધ/૨૦૨૬/વશી/૩૨૫.– ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ (૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ નં.૧૬ મુજબ મોજે:-કાસદ-ઉમરાજ ગામની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૧(કાસદ-ઉમરાજ)ના ઈરાદાની પ્રસિધ્ધી આપવા બાબત.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૧(કાસદ-ઉમરાજ)ની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ નં.૧૬ મુજબ નીચે જણાવ્યા મુજબ ચર્તુ :સીમામાં સમાવેશ થતાં રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નબરોને આવરી લેતા વિસ્તાર માટેની મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કર્યા અંગેનો ઠરાવ ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળની તા.૩૦-૦૬-૨૦૨૬ ની ૩૩મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક:૫૭૦ થી કરેલ છે.

ઠરાવ : મોજે.કાસદ,ઉમરાજ ની જમીનોમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૧ (કાસદ-ઉમરાજ), (ક્ષે.૧૧૧.૫૧ હેકટર) તૈયાર કરવાના હદોને મુખ્ય નગર નિયોજકશ્રી-ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ પરામર્શ આપેલ હોય, આથી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૧(કાસદ-ઉમરાજ)નો ઈરાદો જાહેર કરવા તથા અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૨(૧) હેઠળ યોજના પ્રસિધ્ધ કરવા સુધીની આનુસાંગીક તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

તેથી સદરહુ અધિનિયમની કલમ-૪૧(૨) ની જોગવાઈ અનુસાર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૧(કાસદ-ઉમરાજ), યોજનાનો ઈરાદો આથી પ્રસિધ્ધ કરી, અધિનિયમની કલમ-૪૧(૩) ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લો રાખેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૧(કાસદ-ઉમરાજ)ના વિસ્તારની ચર્તુ : સીમા નીચે મુજબ છે.

ઉત્તરે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૦(કાસદ-ઉમરાજ)

દક્ષિણે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(ઉમરાજ)

પૂર્વે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮(ચાવજ)

પશ્ચિમે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૨(ઉમરાજ)

ઉપરોકત ચર્તુ :સીમાની અંદર આવતા મોજે:કાસદ-ઉમરાજ ના રેવન્યુ સર્વે નંબર/બ્લોક નંબરવાળા વિસ્તારનો સમાવેશ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૧(કાસદ-ઉમરાજ)માં થાય છે.

ક્રમાંક: બૌડા/મુ.ન.ર.યો.નં.૧૧(કાસદ-ઉમરાજ)/ઈરાદો/ અધિસુચન/૨૦૨૬/૩૨૫
તા. ૧૭-૦૭-૨૦૨૬

સહી/- અવાચ્ય
મુખ્ય કારોબારી અધિકારી
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ
ભરૂચ.

સરનામું :
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ,
પ્રથમ માળ, જુની કલેકટર કચેરી,
કણબીવગા, ભરૂચ-૩૯૨૦૦૧.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.07.20 12:38:21 IST